PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૦/ક્વા-03/૨૦૨૨-૨૩/ ૮૨૨૯-૨ તારીખ : ૧૩ - ૧૨ - ૨૦૨૨

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,

**આદર્શ ડેવલોપર્સ, C/o, હિતેશ એન. જાની**

**ગુજરાત પીપાવાવ પોર્ટ લીમીટેડ, ,**

**મું. પો. : રામપરા , તા. : રાજુલા , જી. : અમરેલી ,**

**પીન કોડ. : ૩૬૫૫૬૦**

**મોબાઈલ : ૯૮૨૪૮૦૪૯૬૬**

**વિષય :** ઘર વપરાશના વીજજોડાણનું બીલ વધુ આવવા બાબત .

**સંદર્ભ:** આપશ્રીની રજુઆત તા. ૨૦-૧૦-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૦/ક્વા-03/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ.
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

**બિડાણ : ઉપર મુજબ.**

**નકલ સાદર રવાના :**

**(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.**

**(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય.**

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

**(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, પારડી.**

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
e-mail:forum.pgvcl@gebmail.com

**પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૦/ક્વા-૩/૨૨-૨૩/ ૪૨૨૭-૮** તા. 13-12-22

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

**Case No.PG-૧૦/ક્વા-૩/૨૨-૨૩**

અરજદાર : આદર્શ ડેવલોપર્સ C/o. હિતેશ એન. જાની, ગામ: પારડી - રાજકોટ

રજૂઆત કરનાર : અરજદાર હિતેશકુમાર એન. જાની અને તેમની સાથે અધ્યારુ કિશન વિજયભાઈ

**:: વિરુધ્ધ ::**

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - ગ્રામ્ય રાજકોટ

રજૂઆત કરનાર : શ્રી પી. એલ. પટેલ, ઇન્ચાર્જ કાર્યપાલક ઈજનેર, શ્રી આર.કે.પંડ્યા અધિક્ષક હિસાબનીશ પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી ગ્રામ્ય રાજકોટ

**:: કોરમ ::**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા
૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી એન. જી. કારિયા
૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૨૯.૧૧.૨૦૨૨ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૯.૧૧.૨૦૨૨ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી ગ્રાહક નંબર ૬૧૯૧૦/૦૦૭૯૭/૮થી ઘરવપરાશનુ વીજજોડાણ ધરાવે છે. અરજદારશ્રી જયારથી વીજજોડાણ મેળવેલ છે ત્યારથી વીજજોડાણનો વપરાશ કરેલ નથી પરંતુ હાલમાં અરજદારશ્રી ને પારડી પેટા વિભાગીય કચેરી દ્વારા રૂા.૩૨૪૧૭ નુ વીજબીલ આપવામાં આવેલ છે. આથી અરજદારશ્રી એ તા.૯-૯-૨૦૨૨ નાં રોજ પારડી પેટા વિભાગીય કચેરી ખાતે રૂબરૂ જઈ આ અંગેની માહીતી મેળવતા જાણવા મળેલ છે કે, આ વીજજોડાણ અગાઉ લોધિકા પેટા વિભાગીય કચેરી ખાતે આવતું હતું જેનાં દ્વારા મીટર ચેન્જ કરવામાં આવેલ હોવાથી ૩૪૦૦ જેટલા યુનીટ પેન્ડીંગ હોવાથી તમોને ૨૨૬૦૮- જેવી રકમ બાકી આવેલ. આથી અરજદારે પારડી પેટાવિભાગીય કચેરી ખાતે અરજી આપેલ અને મીટર ચેન્જ પ્રફોર્મા-૧૫ તેમજ લેબ રીપોર્ટની નકલ માંગવામાં આવેલ. આથી પારડી પેટા વિભાગીય કચેરી દ્વારા મૌખિક જણાવેલ કે સદર પ્રફોર્મા-૧૫ તેમજ લેબ રીપોર્ટ લોધિકા પેટા વિભાગીય કચેરી ખાતે ઉપલબ્ધ હોય અમારી પાસે ઉપલબ્ધ નથી. જેથી અરાજદારે તા.૦૯-૦૯-૨૦૨૨ નાં રોજ લોધિકા પેટા વિભાગીય કચેરી ખાતે રૂબરૂ ગયેલ હતા

પરંતુ જુનો રેકોર્ડ હોવાથી ત્યાં પણ મળેલ ન હતો. અરજદારશ્રીના વીજજોડાણનો રીપોર્ટ જોતા તેમાં વર્ષ-૨૦૧૩ થી કોઈપણ પ્રકારનો વીજવપરાશ તેમજ મીટર ચેન્જની એન્ટ્રી પણ નથી તેવુ માલુમ પડેલ છે. આથી અરજદારશ્રીના માનવા મુજબ જે તે સમયે મીટર ચેન્જની એન્ટ્રી કરતાં શરતચુકથી અરજદારશ્રીનો ગ્રાહક નંબર નાખવામાં આવેલ હોવાથી અરજદારશ્રીનાં ખાતે ઉપરોકત રકમ ઉધારેલ છે. આથી પેન્ડીંગ યુનીટની રકમ બાદ કરી આપવા નમ્ર વિનંતી.

૨.૧ અરજદારને આજદીન સુધી આ અંગેનો કોઈપણ પ્રકારનો પુરાવા આપવામાં આવેલ નથી કે બીલમાં સુધારો કરી આપવામાં આવેલ નથી. હાલમાં વીજજોડાણ ઉપરથી મીટર તેમજ સર્વીસ ઉતારી આપેલ છે અને વીજપુરવઠો બંધ હાલતમાં છે. આથી આપ સાહેબને નમ્ર અરજ છે કે, સદર બાબતે અમોને ન્યાય મળે તે અંગે યોગ્ય કરવા નમ્ર વિનંતી.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જણાવાયેલ કે, અરજદારશ્રી આદર્શ ડેવલોપર્સ, ગ્રાહક નંબર:-૬૧૯૧૦/૦૦૭૯૭/૮ થી RGPR ટેરીફ હેઠળનું ૦.૫ કી.વો. વીજભારનું વીજજોડાણ તા.૧૭.૦૧.૨૦૧૩ ના રોજ લોધિકા સબડીવીઝન દ્વારા રીલીઝ થયેલ હતું

૩.૧ મીટરરીડર દ્વારા સદર વીજજોડાણનુ મીટર માહે માર્ચ-૨૦૧૫ ના બિલિંગમાં ફોલ્ટી હોવાનું માલુમ પડેલ. જેથી ફોલ્ટી સ્ટેટસમાં ૫૦ યુનીટ (૧૦૦ યુનીટ/ કિલોવોટ હિસાબે)નુ સરેરાશ બીલ આપવામાં આવેલ હતું.

૩.૨ ઉપરોક્ત ગ્રાહકના લેજરનો અભ્યાસ કરતા ૨૦૧૩ થી મીટર ઉતર્યા સુધી કુલ ૧૪ યુનિટનો જ વપરાશ નોંધાયેલ છે. આમ ફેબ્રુ- માર્ચ ૨૦૧૫ થી ઓગસ્ટ-સપ્ટે ૨૦૧૫ સુધી સદર કનેક્શન માં ફોલ્ટી મીટર તરીકે ૫૦ ના સરેરાશ વપરાશ થી બિલ બનેલ હતું. જેમાં તા:૧૩.૦૮.૨૦૧૫ ના રોજ ગ્રાહકની વીજબિલની લેણી રકમ રૂ.૧૩૫૬.૫૮ ના હિસાબે સ્થળ પરથી મીટર- સર્વિસ ઉતારી લેવાયેલ હતા. મીટર ફોલ્ટી હોવાના કારણે ઓગસ્ટ- સપ્ટે ૨૦૧૬ સુધી ફોલ્ટી તરીકે બિલિંગ થયેલ. આમ કુલ ૧૦ બિલ ફોલ્ટી તરીકે બનેલ હતા.

3.3 સિંગલ ફેઇઝ મીટર ચકાસણી રોજકામ તા. ૨૭.૧૧.૧૫ મુજબ સદર ગ્રાહકને નોટીસ નં. ૯૦૩૩ તા. ૦૭.૧૦.૧૫ થી તા. ૧૫.૧૦.૧૫, ૧૬.૧૦.૧૫ ને ૧૭.૧૦.૧૫ ના રોજ હાજર રહેવા જાણ કરવામાં આવેલ. પરંતુ ગ્રાહક હાજર ના રહેતા તા.૨૭.૧૧.૧૫ ના રોજ મીટરની ચકાસણી કરેલ. લેબ રીપોર્ટ મુજબ પડીકા નં. ૬૭૩ (તા.૨૭.૧૧.૧૫) મુજબ સદર મીટરના છેલ્લા રીડીંગ ૩૯૩૪ અને મીટર OK (બરાબર) છે. ત્યારબાદ ઓડીટ ટીમ દ્વારા કરાયેલ ઓડીટના પીરીયડ એપ્રિલ-૨૦૧૫ થી માર્ચ-૨૦૧૬માં ૩૪૨૦ યુનિટ અને રૂ. ૨૨૬૦૮.૭૯ ની રિકવરી કાઢેલ છે. જેમાં [૩૯૩૪ યુનીટ – લેઝર ના છેલ્લા યુનીટ ૧૪ –(ફોલ્ટી સરેરાશ ૫૦ x ૧૦ =૫૦૦) = ૩૪૨૦ યુનીટ] મુજબ ગણત્રી કરેલ છે. આમ કંપનીના નિયમ મુજબ મીટર તા.૧૩.૦૮.૨૦૧૫ ના ઉતાર્યા બાદ મીટર લેબ ટેસ્ટ માં મીટર બરાબર ચાલતું હોય જેથી વીજવપરાશ નોંધાયેલ તેવું સ્પષ્ટ પણે ફલિત થાય છે.

૩.૪ સદર ગ્રાહકના સ્થળ પર ફળિયાની અંદર દીવાલ પર મીટર બોક્ષ લાગેલ છે તેમજ હાલ આ કનેક્શનમાં બાકી લેણી રકમ ના કારણે મીટર ઉતર્યા બાદ જગ્યા પર કોઈ મીટર લાગેલ નથી. અને કોઈપણ જાતનો વીજ વપરાશ થતો નથી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૩.૫ લોધિકા સબડીવીઝનનું બાયફરકેશન થતા સદર કનેક્શન પારડી સબડીવીઝન હેઠળ જતું રહેલ અને ઉપરોક્ત ઓડીટ રિકવરી પારડી સબડીવીઝન દ્વારા ઓક્ટોબર ૨૦૧૮ માં ગ્રાહક ખાતે ઉધારવામાં આવેલ છે. ત્યારબાદ ઓક્ટો-૨૨ ની છેલ્લી સ્થિતિ મુજબ ગ્રાહકને કુલ રકમ રૂ.૩૨૪૬૮.૭૦ ભરવાપાત્ર થાય છે. સદર રકમ કંપનીના નિયમ મુજબ જ ઉધારવામાં આવેલ છે.

૩.૬ ઉપરોક્ત બાબત અરજદારશ્રીને માહિતગાર કરતા ફરિયાદનું સંતોષકારક નિરાકરણ થયેલ હોવાથી અરજદારે તેઓના સદર વીજજોડાણની બાકી લેણી રકમ ભરપાઈ કરી આપેલ છે. જેની લેખિત રજૂઆત તા.૦૨-૧૨-૨૦૨૨ થી અત્રેના ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારનું હાલનું પારડી પેટાવિભાગીય કચેરી હેઠળનું ગ્રાહક નં :-૬૧૯૧૦/૦૦૭૯૭/૮ વાળું વીજજોડાણ RGPR ટેરીફ હેઠળનું ૦.૫ કી.વો. વીજભારનું તા.૧૭.૦૧.૨૦૧૩ ના રોજ લોધિકા સબડીવીઝન દ્વારા રીલીઝ થયેલ હતું. અરજદારની રજૂઆત મુજબ સદર જગ્યામાં વર્ષ-૨૦૧૩ થી કોઇપણ પ્રકારનો વીજવપરાશ થયેલ નથી તેમછતાં પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ૩૪૦૦ વીજયુનિટની રકમ રૂ.૨૨૬૦૮.૭૯ ની રકમ ભરપાઈ કરવા જાણકારી આપેલ તેમજ સદર બાબતેના સદર વીજરકમ બાકી છે તેના કોઈ આધાર-પુરાવા દસ્તાવેજીક પેપર્સ પુરા પાડેલ ન હોવાથી અરજદારે અત્રેના ફોરમ સંમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ પીજીવીસીએલ પક્ષકારની રજૂઆત મુજબ ઉપરોક્ત વીજજોડાણ લોધિકા પેટાવિભાગીય કચેરીનું બાયફરગેશન થતા પારડી પેટાવિભાગીય કચેરી હેઠળ સમાવિષ્ટ છે. કંપનીના ઇન્ટરનલ ઓડીટ દ્વારા માહે એપ્રિલ-૨૦૧૫ થી માહે માર્ચ-૨૦૧૬ દરમ્યાન ૩૪૨૦ યુનીટ અને ૨૨૬૦૮.૭૯ ની રીકવરી બતાવેલ છે જે અરજદારના બિલીંગ ખાતામાં માહે ઓક્ટોબર-૨૦૧૮માં ઉધારેલ છે. અગાઉ અરજદારનું ફોલ્ટી મીટર હોવાથી તેમજ અરજદાર દ્વારા વીજબીલની રકમ ભરપાઈ ન કરવાને કારણે તા.૧૩-૦૮-૨૦૧૫ ના રોજ ઉતારેલ તેનું મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં અરજદાર તા.૧૫.૧૦.૨૦૧૫, તા.૧૬.૧૦.૨૦૧૫, તા.૧૭.૧૦.૨૦૧૫ ના રોજ અરજદાર હાજર ન રહેતા મીટરની એક તરફી ચકાસણી તા.૨૭.૧૧.૨૦૧૫ ના રોજ થયેલ છે જે રીપોર્ટ મુજબ મીટરના છેલ્લા રીડીંગ ૩૯૩૪, મીટર નં ૩૨૮૨૨૯ અને મીટર બરાબર છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૩ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારના બિલીંગ ખાતામાં ઉપરોક્ત લેબરીપોર્ટ મુજબ જણાયેલ વીજયુનીટની રકમ સમયસર ડેબીટ કરાયેલ નથી જે ગંભીર બેદરકારી દર્શાવે છે, આમ અરજદારના સવાલવાળા મીટરમાં લેબરીપોર્ટ મુજબ કોઈ ક્ષતિ નોંધાયેલ ન હોવાથી, નોંધાયેલ વીજયુનીટ મુજબની રકમમાં પીજીવીસીએલ દ્વારા અપાયેલ ફોલ્ટી મુજબના વીજબીલોના વીજયુનીટ બાદ કરીને ૩૪૨૦ યુનીટ ની રકમ અરજદારે ભરપાઈ કરવાની થતી હતી, તેમજ પી.આર.ટી.-૧૪૫ મુજબ અરજદારનું વીજજોડાણ ડીસકનેક્ટ કરાયેલ નથી તેમજ અરજદારને નિયમિત વીજબીલ અપાયેલ છે.

૪.૪ વધુમાં સદરકેસની સુનાવણી દરમ્યાન અરજદારની રજૂઆત મુજબ મીટરના લેબ રીપોર્ટની નકલ તેમજ સદર વીજજોડાણ રીલીઝ કરાયેલ છે તેના H3 ફોર્મની વિગત દર્શાવતું પત્રક અને અરજદારના બિલીંગ ખાતામાં કરાયેલ એડજસ્ટની રકમ દર્શાવતું પત્રક પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રૂબરૂમાં નકલો પૂરી પાડેલ છે. ત્યારબાદ અરજદાર દ્વારા તા.૦૨.૧૨.૨૦૨૨ ના રોજ બાકી લેણી રકમ ભરપાઈ કરી આપેલ છે તેમજ વીજજોડાણ ચાલુ કરી આપતા સદર બાબતે અરજદારને કોઈ ફરિયાદ રહેતી ન હોવાની લેખિત રજૂઆત સબંધક પેટાવિભાગીય કચેરીને આપેલ છે, જેની નકલ ફોરમને મળેલ છે. આમ, અરજદારની ફરિયાદનું પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે.

૪.૫ ઉપરોક્ત મુદ્દા નં ૪.૪ મુજબની વિગતે અરજદારની ફરિયાદનું પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે, જેથી અરજદારની અરજી દફતરે કરવામાં આવે છે.

Joshi Nitinkumar

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (એન.જી.કારીયા) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |